# સેન્ટર ફોર ડેવલપમેન્ટ ની બાળ સુરક્ષા પોલીસી

## બાળકો સાથે જેઓ સંપર્કમાં છે તે તમામ કર્મચારીઓ અને અન્ય લોકો માટે નીચેની બાબતો જાણવી મહત્વની છે.

- બાળકો સાથે જોખમ ઉભુ થાય તેવી પરિસ્થિતિઓ વિશે સભાન રહેવું અને એ પરિસ્થિતિઓ સંભાળી લેવી.
- જોખમો લઘુત્તમ બને તે રીતે કામ અને કામના સ્થળનું આયોજન કરવું
- શક્ય હોય ત્યાં સુધી બાળકો સાથેના કામમાં દ્રશ્યમાન રહેવું
- ખુલ્લાપણાનું વાતાવરણ અસ્તિત્વમાં રહે તે જોવું કે જેથી કોઈ પણ મુદ્દો કે ચિંતા વ્યક્ત થઈ તો તેની ચર્ચા કરી શકાય
- કર્મચારીઓમાં ઉત્તરદયીત્વની લાગણી હોય તે જોવું કે જેથી ખરાબ વર્તન કે બાળકોનો દુરૂપયોગ થતો હોય એવા વર્તન સામે વાંધો ઉઠાવી શકે.
- કર્મચારિયો કે અન્ય લોકો સાથે બાળકોના સંપર્ક દરમિયાન કોઈ ગેરવ્યાજબી કે અસામાન્ય બનાવ કે ઘટના બને તો તે વિશે બાળકો સાથે જ વાતચીત કરવી અને તેમને કોઈ પણ સવાલ ઉઠાવવા પ્રોત્સાહન આપવુ.
- બાળકોને સક્ષમ બનાવવા - તેમના અધિકારોની તેમની સાથે ચર્ચા કરવી, શું સ્વીકાર્ય છે અને શું અસ્વીકાર્ય છે તેની સમજ આપવી તથા જો કોઈ સમસ્યા હોય તો તેઓ શું કરી શકે તેના વિષે તેમની સાથે વાતચીત કરવી

### ★ લોકો આટલુ કદી ના કરો :-

- બાળકોને મારવા કે તેમના પર શારીરિક હુમલો કરવો કે તેમનો શારીરિક દુરુપયોગ કરવો
- બાળકો સાથે એવા સંબંધો કે જે કોઈ પણ રીતે તેમનો દુરૂપયોગ કરનાર હોય કે શોષક હોય
- બીજાઓથી દૂર બાળકો સાથે એકલા વધારે સમય ગાળવો અયોગ્ય છે.
- તમારા ઘરે તેમને લઈ જવાનું અયોગ્ય છે કે જ્યારે તેઓ તમારી સાથે એકલા જ હોય.
- બાળકો સાથે તેમના ધર્મ ને લઈને કે તેમની જતી ને આધારિત કોઈ ટીકા કે ટીપ્પણી કરવી નહીં.

### ★ લોકોએ નીચે મુજબનું વર્તન બાળકોના હીતમાં હંમેશા કરવું જોઈએ.

- અયોગ્ય, આક્રમક અને દુરૂપયોગજનક હોય એવી ભાષા ન વાપરવી, એવા સૂચનો ન કરવા કે એવી સલાહ પણ ન આપવી.
- બાળકો જાતે જે કામો કરી શકતા હોય તેવા તેમના વ્યક્તિગત કામો તમારે ન કરવા.
- બાળકનું ગેરકાનૂની અસલામત કે આપત્તિજનક વર્તન હોય તો તેની સંમતિ ન આપવી કે તેમાં ભાગીદાર ન થવું
- બાળકો શરમમાં મુકાય તેમનું અપમાન થાય, તેમને ઓછું આવે અથવા તેમની માનહાનિ થાય એવા ઈરાદા સાથે કોઈ વર્તન ના કરવું અથવા સંવેદનાત્મક દુરૂપયોગ કોઈ પણ સ્વરૂપે થાય તેવું વર્તન ન કરવું.
- બાળકો વચ્ચે ભેદભાવ ના કરવો, અમુક બાળકો પ્રત્યે તફાવતી વ્યવહાર ના કરવો અથવા અમુકને બદલે અમુકની તરફેણ ના કરવી.
- બાળકોને તેમના નામથી માન પૂર્વક બોલાવવા

Centre for Development